ओ३म्
।। कृण्वन्तो विश्वमार्यम् ।।

# આર્ય વૈદિક દર્શન

**Arya Vedic Darshan
(Monthly)**

RNI Registration No. GujGuj/2015/63289
RNP No. Rajkot / 672 / 2015 - 17



अपने जीवन को सेवा, सन्तोष, स्वाध्याय, सत्यता और पुरुषार्थ के आभूषणों से सजा लिजिए।

| | |
|---|---|
| सृष्टि संवत् | : १,९६,०८,५३,११७ |
| विक्रम संवत् | : २०७३ |
| दयानन्दाब्द | : १९३ |
| वर्ष | : २ |
| अंक | : अप्रैल - २०१६ |
| वार्षिक शुल्क | : १०० रुपये |

पृष्ठ संख्या : ८

**Vol.2, Issue 1, 1 APRIL 2016 Ahmedabad, (Gujarat), Page : 8, Rs. 100 Annual.**

## ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા
# 'ક્રાંતિતીર્થ'માંડવી ખાતે પં. શ્યામજી કૃષ્ણ વર્માની પુણ્યતિથિ ઉજવાઇ.

મહર્ષિ દયાનંદ સરસ્વતીના માનસપુત્ર અને ક્રાંતિકારીઓના સેનાપતિ પં. શ્યામજી કૃષ્ણવર્માનું અવસાન જિનીવા ખાતે થયું હતું. તેમના જન્મ દિવસ અને પુણ્યતિથિએ ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા તેમના જન્મ સ્થાન માંડવીમાં બનાવવામાં આવેલ સ્મારક ક્રાંતિતીર્થ ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ગત તા. ૩૦ મી માર્ચના તેમની ૮૬મી પુણ્યતિથિ નિમિત્તે ક્રાંતિતીર્થ ખાતે કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેની અધ્યક્ષતા સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા દિલ્લી અને ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાના પ્રમુખ માનનીય શ્રી સુરેશચંદ્ર આર્યએ કરી હતી. આ પ્રસંગે વૈદિક મંત્રોચ્ચાર સાથે દેવયજ્ઞ કરવામાં આવ્યો. જેનાં બ્રહ્માસ્થાને પં. દિવાકર શાસ્ત્રી બિરાજ્યા હતાં. ઉલ્લેખનીય છે કે ક્રાંતિતીર્થની સંકલ્પના અને તેમાં મહર્ષિ દયાનંદ માટેનું કક્ષ તથા મહર્ષિ દયાનંદ અને પં. શ્યામજી કૃષ્ણ વર્મા વચ્ચેનાં પત્ર વ્યવહાર વગેરેને પ્રદર્શિત કરાવવામાં મહત્વપૂર્ણ યોગદાન પં. દિવાકર શાસ્ત્રીનું રહ્યું છે.

યજ્ઞ બાદ વિશેષ સભા યોજાઇ હતી. જેનો પ્રારંભ ગુરુકુલ ભવાનીપુરના બ્રહ્મચારીઓએ વેદ-પાઠ કરાવ્યો હતો.





સભામા સ્વામી શાંતાનંદ સરસ્વતી (ગુરૂકુલ ભવાનીપુર), શ્રી વાચોનિધિ આચાર્ય (ગાંધીધામ), શ્રી નવીનભાઇ વેલાણી અને લખમશીભાઇ વાડિયા, પ્રમુખ અને મંત્રી આર્યસમાજ - માંડવી, શ્રી કનકસિંહ વાઘેલા અને શ્રી અશોકભાઇ પટેલ (પ્રમુખ અને મંત્રી, ચરોતરપ્રદેશ, આર્યસમાજ, આણંદ), શ્રી પ્રવીણચંદ્ર ઠાકર (મંત્રી આર્યસમાજ, રાજકોટ), શ્રી હસમુખભાઇ સોની આર્ય (મંત્રી આર્યસમાજ, નવસારી), શ્રી બંકીમભાઇ પટ્ટણી (મેનેજર, ક્રાંતિતીર્થ), શ્રી હીરજીભાઇ કારાણી (પં. શ્યામજી કૃષ્ણ વર્માના જન્મ ગૃહના ટ્રસ્ટી - માંડવી) વગેરે ઉપસ્થિત રહ્યા હતા. તમામનું પ્રાંતીય સભા અને આર્યસમાજ - માંડવી તરફથી સ્વાગત - સન્માન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે શ્રી સુરેશચંદ્ર આર્યનું આર્યસમાજ માંડવી અને ક્રાંતિતીર્થ તરફથી શાલ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવેલ હતું.

અનુસંધાન પાના નં. ૬ પર

## સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભાના પ્રધાન
# શ્રી સુરેશચંદ્ર આર્ય દ્વારા અનેક આર્યસમાજો તથા અન્ય સંસ્થાઓની મુલાકાત.

આદરણીય સુરેશચંદ્ર આર્ય ૭ ફેબ્રુઆરી ૨૦૧૬ના સાર્વદેશિક સભાના પ્રધાન પદે નિયુક્ત થયા બાદ દેશભરમાં વિવિધ આર્યસમાજો - સંસ્થાઓની મુલાકાતોનો ક્રમ અવિરત ચાલુ થયો છે અને રાષ્ટ્રીય કક્ષાએ આર્યસમાજનું કાર્ય તથા ભાવિ યોજનાઓનો સંદેશ આપ્યો છે. જેનું સંક્ષિપ્ત વિવરણ-

(૧) તા. ૧૪ ફેબ્રુઆરી ફર્રૂખાબાદ (ઉ.પ્ર.) આર્યસમાજની મુલાકાત લીધી. જ્યાં પ્રધાનજીનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું.

(૨) તા. ૧૬ ફેબ્રુઆરીના શ્રી આર્યજીએ મુરદાબાદ (ઉ.પ્ર.)ની મુલાકાત લીધી. ત્યાંની મહર્ષિ દયાનંદ સ્થાપિત આર્યસમાજ મંડીવાસના વાર્ષિક ઉત્સવમાં હાજરી આપી. તેમાં ઉપસ્થિત વિવિધ આર્યસમાજો દ્વારા શ્રી આર્યજીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. આર્યજીએ આર્યસમાજને રૂા. ૩૧૦૦૦/- અને યજ્ઞ બ્રહ્મા સુ.શ્રી પ્રિયંવદા વેદભારતીને ગુરુકુલ નજીબાબાદ માટે રૂા. ૫૧,૦૦૦/-નું દાન જાહેર કર્યું.

અનુસંધાન પાના નં. ૨ પર

**અનુસંધાન પાના નં. ૧ નું ચાલુ**

(૩) તા. ૨૧ ફેબ્રુઆરીના શ્રી સુરેશચંદ્રજીએ ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાની અંતરંગ સભાની બેઠકમાં આર્યસમાજ જામનગર ખાતે અધ્યક્ષતા કરી. જેમાં સાર્વદેશિક સભાના પ્રધાન પદે બિરાજી ગુજરાતનું ગૌરવ વધારવા બદલ ગુજરાતની તમામ આર્યસમાજો દ્વારા જોરદાર સ્વાગત કરવામાં આવ્યું.

(૪) ૨૮ ફેબ્રુઆરીના રોજ અમદાવાદની તમામ આર્યસમાજો દ્વારા આર્યસમાજ કાંકરિયા ખાતે શ્રી સુરેશજીનું સ્વાગત - સન્માન કરવામાં આવ્યું.

(૫) તા. ૫ માર્ચના રોજ આર્યજી આર્યસમાજ ગાંધીધામ દ્વારા આયોજિત મહર્ષિ દયાનંદની ૧૯૩મી જન્મ જયંતિના કાર્યક્રમમાં વિશિષ્ટ અતિથિના રૂપમાં ઉપસ્થિત રહ્યાં. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ મહામહિમ શ્રી ઓ. પી. કોહલીજી મુખ્ય અતિથિ હતાં.

(૬) તા. ૭ માર્ચના રોજ ટંકારા ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્મારક ટ્રસ્ટ દ્વારા આયોજિત ઋષિ બોધોત્સવમાં વિશેષ શ્રદ્ધાંજલિ કાર્યક્રમની અધ્યક્ષતા કરી. જેમાં મુખ્ય અતિથિ કેન્દ્રીય કૃષિ રાજ્ય મંત્રીશ્રી મોહનભાઇ કુંડાલિયા હતા. આ પ્રસંગે ટંકારા ટ્રસ્ટને શ્રી આર્યજીએ રૂા. ૧,૧૧,૧૧૧/-ના દાનની જાહેરાત કરી. સાંજે આર્યસમાજ ટંકારાના ૯૧માં સ્થાપના દિવસના કાર્યક્રમમાં હાજરી આપી અને ભવન જીર્ણોદ્ધાર માટે રૂા. ૫૧,૦૦૦/- ના દાનની જાહેરાત કરી.





(૭) તા. ૧૨ માર્ચના શ્રી સુરેશચંદ્રજી ગુરુકુલ ઝજ્જર (હરિયાણા) ના શતાબ્દી મહોત્સવમાં ભાગ લેવા પધાર્યા. જ્યાં તેઓનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું. શ્રી આર્યજીએ ગુરુકુલને રૂા. ૨,૫૧,૦૦૦/- ના દાનની જાહેરાત કરી.

(૮) તા. ૨૦ માર્ચના રોજ વાનપ્રસ્થ સાધક આશ્રમ રોજડ ખાતે અખંડ અગ્નિહોત્રના શુભારંભમાં અગ્ન્યાધાન કરી આહુતિ આપી અને આ મહાન અને ઐતિહાસિક કાર્યક્રમ માટે રૂા. ૪,૫૦,૦૦૦/-નો ચેક પૂ. આચાર્ય જ્ઞાનેશ્વરજીને અર્પણ કર્યો.

(૯) ૨૩ માર્ચના રોજ દિલ્લી આર્ય પ્રતિનિધિ સભા દ્વારા આયોજિત હોલી મંગલ મિલન કાયક્રમમાં મુખ્ય અતિથિના રૂપમાં હાજર રહ્યાં. જ્યાં હજારો આર્યજનોની ઉપસ્થિતિમાં વિશેષ સન્માન કરવામાં આવ્યું. સન્માનના પ્રત્યુત્તરમાં શ્રી આર્યજીએ કહ્યું કે આ સન્માન હું આપ સર્વેના આશીર્વાદના રૂપમાં ગ્રહણ કરૂં છું. જેથી આ ગુરુત્તરભાર હું ઉપાડી શકું. શ્રી સુરેશચંદ્રજીએ શહીદ ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુના ૮૫માં બલિદાન દિવસ પર શ્રદ્ધાંજલિ આપતા ભારત સરકાર પાસે માંગ કરી કે દેશદ્રોહી લોકોની ઉપર લગામ રાખવા માટે સખ્ત કાયદો બનાવવામાં આવે. આ પ્રસંગે શ્રી આર્યજીએ રૂપિયા પાંચ લાખના દાનની જાહેરાત કરી.

(૧૦) તા. ૨૬ માર્ચના રોજ દિલ્લી ખાતે વિશ્વ વિખ્યાત એમ. ડી. એચ. મસાલાના શહેનશાહ ભામાશાહ મહાશય ધર્મપાલજીના ૯૩માં જન્મદિવસના કાર્યક્રમમાં હાજરી આપી અને સાર્વ. સભાના પ્રધાનના રૂપમાં મહાશયનું અભિવાદન કર્યું.

(૧૧) તા. ૩૦ માર્ચના રોજ ગુજ. પ્રાં. આર્ય પ્રતિનિધિ સભા દ્વારા ક્રાંતિતીર્થ માંડવી (કચ્છ) ખાતે પં. શ્યામજી કૃષ્ણવર્માની ૮૬મી પુણ્યતિથિ નિમિત્તે આયોજિત શ્રદ્ધાંજલિ સભામાં અધ્યક્ષતા કરી. જ્યાં આર્યસમાજ માંડવી તેમજ ક્રાંતિતીર્થના અધિકારીઓ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું.

(૧૨) તા. ૩ એપ્રિલના રોજ કાલીકટ (કેરળ) ખાતે આચાર્ય ડાં. એમ. આર. રાજેશ દ્વારા આયોજિત પચાસ હજારથી પણ વધુ આર્ય નર-નારી દ્વારા થનારા સામૂહિક યજ્ઞમાં હાજરી આપી.

## આર્યસમાજ, હાથીખાના - રાજકોટ દ્વારા
## ૧૬ મો નિરામય યજ્ઞ – નેત્રયજ્ઞ સમ્પન્ન.

અભાવગ્રસ્ત, રોગી, પીડિતો, પ્રાકૃતિક સંકટગ્રસ્ત લોકો પ્રત્યે જેમના હૃદયમાં તીવ્ર અનુકંપા હતી તેવા કરુણાના સાગર મહર્ષિ દયાનંદ સરસ્વતીનાં કાર્યો અને વિચારોનો અમલ કરવા માટે વર્ષ ૧૯૯૧માં આર્યસમાજ - હાથીખાના, રાજકોટ દ્વારા મહર્ષિ દયાનંદ કલ્યાણ નિધિની સ્થાપના કરવામાં આવી હતી. આર્યસમાજના ભૂતપૂર્વ શતાયુ પ્રમુખશ્રી પોપટભાઇ પ્રાગજીભાઇ ચૌહાણ તથા શ્રીમતી આનંદીબેન પોપટભાઇ ચૌહાણનું નામ આની સ્થાપના સાથે જોડાયેલું છે.

આ નિધિમાંથી વર્ષોથી નિઃશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. મેડીકલ કેમ્પ ઉપરાંત કુદરતી આફત વખતે તેમજ વિદ્યાર્થીઓને સહાય અર્થે રાહત દરે નોટબુકનું વિતરણ પણ કરવામાં આવે છે.

અત્યાર સુધીમાં રાહત ભાવે નોટબુક વિતરણમાં રૂા.૧,૦૧,૭૪૯/- અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વાવાઝોડું, ભૂકંપ, જળસંકટ, રેલ, ઝેરી કમળા સામે રક્ષણ આપતી રસીકરણ વગેરેમાં રૂા. ૧,૦૬,૦૧૦/- તેમજ વિવિધ મેડીકલ (નેત્રયજ્ઞ, સ્ત્રીરોગ) વગેરેમાં રૂા. ૫,૦૦,૦૦૦/-થી વધુ ખર્ચે નિઃશુલ્ક મેડીકલ કેમ્પ યોજાઇ ગયા છે.

તા. ૨૦-૩-૧૬ રવિવારના રોજ આવો જ એક નેત્રયજ્ઞ યોજવામાં આવેલ હતો. જેમાં દર્દીઓને દવા, ચશ્મા, ઓપરેશન વગેરે તમામ નિઃશુલ્ક આપવામાં આવેલ હતાં. ૪૨૨ વ્યક્તિઓને ચશ્મા તથા ૬ વ્યક્તિઓને નેત્રમણિ, ટ્રાન્સપ્લાંટ, મોતિયો, જામર, વેલ વગેરે બધાંજ ઓપરેશન ફ્રી કરી આપવમાં આવશે.

## इस मास के विशिष्ट व्यक्ति

# ૧૮૫૭ના સેનાપતિ
# તાત્યા ટોપે



ભારતની આઝાદીની ચળવળ મુખ્ય રીતે બે પ્રવાહમાં ચાલતી હતી. સત્યાગ્રહ - સંગ્રામ અને સશસ્ત્ર - ક્રાન્તિ. ક્રાન્તિના ઇતિહાસની તવારિખ ઇ.સ. ૧૭૬૧ના સંન્યાસી વિદ્રોહ અને તેનાથી પૂર્વ સુધી લંબાય છે. પરંતુ લોક જીભે ઇ.સ. ૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ વધુ ચર્ચાયો છે. એ સંગ્રામના સેનાનીઓમાં અજોડ સ્વતંત્ર્ય સેનાનીથી કોઇને નવાજવામાં આવેલ હોય તો તે છે તાત્યા ટોપે.

તાત્યા ટોપેનો જન્મ ઇ.સ. ૧૮૧૪ માં મનાવવામાં આવે છે. અહમદનગર જિલ્લાના યેવલા ગામે પિતા પાંડુરંગરાવ ભટ્ટ અને માતા રૂકમાબાઇનું તાત્યા બીજુ સંતાન હતા. તેમનું મૂળ નામ રામચંદ્ર હતું. પિતા પાંડુરંગ ભટ્ટ બાજીરાવ પેશ્વાના ધર્માદા ખાતાના પ્રમુખ હતા. બાજીરાવ પેશ્વા નિઃસંતાન હતા. આથી તેણે નાના સાહેબને દત્તક લીધેલા. લગભગ સમવયસ્ક એવા તાત્યાને નાના સાહેબ સાથે મિત્રતા બંધાઇ હતી.

જન્મે બ્રાહ્મણ પરંતુ તાત્યામાં નાનપણથી જ સાહસિકતાના ગુણો હતાં. કુસ્તી કરવી, તલવાર બાજી કરવી. શિકાર કરવા જવું, ઘોડે સવારી વગેરે ક્ષત્રિયતાનો પરિચય આપતા હતાં. આગળ જતા મનુ (ભવિષ્યની મહારાણી લક્ષ્મીબાઇ)ને પણ તાત્યાએ જ તલવાર બાજી શીખવી હતી.

અંગ્રેજોની નીતિ રાજ્ય વિસ્તારની હતી. દેશી - સ્વતંત્ર રાજ્યો ઉપર પોતાની દેખરેખ રહે એ માટે પોલિટિકલ એજન્ટ રાખતા. એવાં કાયદા ઘડતા કે જેથી સ્વતંત્ર રાજ્યોને પોતાના અંકુશ હેઠળ લાવી શકાય. તાત્યાએ અંગ્રેજોની કૂટનીતિ બાજીરાવ પેશ્વાના રાજ્યમાં નજરો નજર જોઇ હતી. બાજીરાવે પૂનાનું રાજ્ય અંગ્રેજોને સોંપી દીધુ હતું. તેના બદલામાં પેન્શન સ્વીકાર્યું. બ્રિટિશ સરકારે બાજીરાવને રમેલ અને બિઠૂર ગામની જાગીર આપી હતી. એક વખત ખૂંખાર ડાકૂ ઘોંડાજી વાઘ સાથે બાથભીડીને તાત્યાએ તેનું માથુ વધેરી નાખ્યું હતું અને બાળા સાહેબના જીવ બચાવ્યા હતાં, તેની કદર રૂપે બાજીરાવે અનેક રત્નોથી જડેલી એક ટોપી ભેંટ આપી હતી. ત્યાંરથી તાત્યા ટોપી તરીકે ઓળખાયા. જે પછીથી ટોપે થઇ ગયું.

બાજીરાવે પોતાની વસિયતમાં પોતાના મૃત્યુ બાદ અંગ્રેજ સરકાર તરફથી મળતુ પેન્શન નાના સાહેબના નામે મળે તેવી વ્યવસ્થા કરેલ. પરંતુ ઇસ્ટ ઇન્ડિયા કંપનીનો ગવર્નર - જનરલ ડેલહાઉસીએ પેન્શન આપવાનું બંધ કરી દીધું. ઉત્તરાધિકારી તરીકે દત્તક પુત્રને પેન્શન ન મળે એવો નિર્ણય જાહેર કરી દીધો. એટલું જ નહીં બાજીરાવને મળેલ રમેલ અને બિઠૂરની જાગીર પણ છીનવી લીધી. એ પ્રદેશના ફોજદારી અને દીવાની હક્ક પણ પાછા ખેંચી લીધાં. આ અન્યાય હતો, ન્યાય માટે પ્રયત્નો કરી જોયા પરંતુ બધું બહેરા કાને અથડાઇને પાછુ ફર્યું.

આવા અન્યાયનો ભોગ માત્ર એક રાજ્ય જ નહીં પરંતુ સતારા, લખનૌ, જગદીશપુરના જાગીરદાર ભાઇઓ કુંવરસિંહ અને અમરસિંહ પણ બન્યા હતાં. બહાદુરશાહ, બેગમ ઝિન્નત મહલ અને દિલ્લીના શાહમજાદાઓને પણ અસંતોષ હતો. પંજાબ કેસરી મહારાજા રણજિતસિંહના મૃપ્યુ બાદ તેમનું પંજાબ રાજ્ય, મરાઠાઓની તાંજોરનામની નાનકડી રિયાસત, હૈદ્રાબાદ નિઝાતમનો પ્રાન્ત, નાગપુર, અયોધ્યા વગેરે નાના - મોટા અનેક રાજ્યો - પ્રદેશોને વિવિધ આરોપો લગાવી ડેલહાઉઝીએ અંગ્રેજ સત્તા હેઠળ મૂકી દીધાં હતાં.

આ દિવસો દરમ્યાન ઝાંસીના રાજા ગંગાધર રાવનું મૃત્યુ થયું. અવસાન પહેલા એણે દામોદર રાવને દત્તક લીધેલો. ગંગાધર રાવના મૃત્યુ પછી ડેલહાઉઝીએ દામોદરનો રાજ્યના વારસદાર તરીકે સ્વીકાર ન કર્યો. આમ ઝાંસીનું રાજ્ય પણ બ્રિટીશ સત્તા હેઠળ મૂકાયું. ઝાંસીની રાણી લક્ષ્મીબાઇને ખબર મળતા તેણે ગર્જના કરી 'મેરી ઝાંસી નહીં દૂંગી.'

તાત્યા ટોપે જેમ લડાયક હતા તેમ ચતુર પણ હતા. અંગ્રેજો દ્વારા થતા અન્યાય સામે ખુલ્લી લડાઇમાં સફળતા નહીં મળે. કારણ કે ભારતના સામાન્ય લોકોમાં અંગ્રેજો પ્રત્યે નફરત ભાવ નહતો જાગ્યો; લોકો સુધી અંગ્રેજોની કૂટનીતિની ઓળખ પહોંચાડયાં વિના અને લોકોના સાથ વિના સફળ ન થઇ શકે.

શાસન સામે કોઇ આંદોલન બીજ બળવા માટેની ભૂમિકા ડેલહાઉઝીની ખાલસાનીતિએ રોપી નાંખ્યા હતાં. હિન્દી સેનાઓના જોરે જે સત્તા મેળવી હતી એ સેનોમાં ગોરા સૈનિકો તરફ પક્ષપાત રાખવામાં આવતો. આથી હિન્દુસ્તાની સૈનિકોમાં અસંતોષની આગ સળગી હતી.

૧૮૫૭ના સંગ્રામને સફળ કરવા તાત્યા ટોપેએ અંગ્રેજ સેનામાં રહેલા હિન્દુસ્તાની સૈનિકોમાં બળવાની ચિનગારી ફૂંકવા પોતાના વિશ્વાસું ગણપત અને ગુલામ રસુલને જવાબદારી સોંપી. આ તરફ તાત્ય ટોપે અને નાના સાહેબ દેશના ખૂણે-ખૂણે ફરી વળ્યા અને લોકોને જગાડયા. એમનામાં દેશપ્રેમનો મંત્ર ફૂક્યો. આ આંદોલન ઘણું મોટું હોવા છતાં એટલું છાનું રહ્યું કે અંગ્રેજોને એની જાણ ન થઇ. આ આંદોલન સંકેતથી ફેલાવવામાં આવ્યું. જે સંકેત હતાં રોટલી અને કમળ. દરેક ઘરમાં ચોરી-છૂપીથી રોટલીઓ બનાવવામાં આવતી એ રોટલી એક સૈનિકના હાથથી બીજા સૈનિકના હાથમાં, બીજામાંથી ત્રીજા સૈનિકના હાથમાં ફરતી. દરેક સૈનિક એ રોટલીનો ટૂકડો ખાતો અને પ્રતિજ્ઞા કરતો - અંગ્રેજો સામે બળવો કરવામાં હું જાનની પરવા નહીં કરૂં. એમ જ કમળના ફૂલ ફેરવવામાં આવતા, અને કમળ હાથમાં લઇ સૈનિકો સોગંદ ખાતા કે જાનની કુરબાનીના હું સોગંદ ખાઉં છું.

નાના સાહેબ અને તાત્યા ટોપે એ દેશભરમાં ફરી અને ક્રાંતિ કેન્દ્રો સ્થાપ્યા. દિલ્લીમાં બહાદુરશાહને પણ મળ્યા. બળવાની તિથિ નિશ્ચિત કરી - ૩૧ મે ૧૮૫૭.

નિર્ધારિત તારીખે એક સાથે દેશભરમાં અંગ્રેજ સલ્તનત સામે બળવો કરવા સૌ રાહ જોતા હતાં ત્યાં જ બેરકપુરની પેદલ સેનામાં એવી ચર્ચા ચાલી કે આપણને અપાતા કારતૂસમાં લપેટેલા કાગળ ઉપર ગાય અને સુવરની ચરબી લગાડવામાં આવે છે અને કાગળ મોઢેથી તોડવાનો હોય છે આથી હિન્દુ અને મુસ્લિમ સૈનિકોને ધર્મભ્રષ્ટ કરાવાનું આ કાવતરૂં છે.

અનુસંધાન પાના નં. ૫ પર

## ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદ દ્વારા

# ઋષિ બોધોત્સવ પર્વ – ૨૦૧૬ ની ભવ્ય ઉજવણી સંપન્ન.

સંવત ૨૦૭૨ ના મહાવદ - ૧૩ ને તા. ૭-૩-૨૦૧૬ ને સોમવારના રોજ સવારે ૯-૦૦ થી ૧-૦૦ વાગ્યા દરમ્યાન ચરોત્તર પ્રદેશ આર્યસમાજ - આણંદના પ્રાંગણમાં મહાશિવરાત્રિના શુભ પ્રસંગે ઋષિ બોધોત્સવ પર્વની પરંપરાગત રીતે ધામધૂમથી ભવ્ય ઉજવણી વિવિધ કાર્યક્રમો દ્વારા કરવામાં આવી. અમૂલ્ય માનવ જન્મ ધારણ કરીને મોક્ષ મેળવવાનું એકમાત્ર લક્ષ્ય પ્રાપ્ત કરવા સાચા શિવનો બોધ ગ્રહણ કરવાના આ પાવન પ્રસંગે ચરોતરના સેંકડો આર્ય-બંધુઓ, વિદ્યાર્થી ભાઇ-બહેનો, વાલીઓ, શિક્ષકો તથા આમંત્રિત મહાનુભાવો વિગેરેએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ઋષિ બોધોત્સવ પર્વ પ્રસંગે દર્શનયોગ મહાવિદ્યાલય, રોજડથી ખાસ આમંત્રિત બ્ર. દિનેશકુમારજી (વૈદિક પ્રવક્તા) એ પોતાના વિચારો રજૂ કરતા જણાવ્યું કે, મનુષ્યનું જીવન મળવું અતિ દુર્લભ છે. આ સંસારમાં અનેક પ્રકારની સાધારણ ઘટનાઓ જનસામાન્ય સમક્ષ દરરોજ ઘટતી રહે છે. જનસાધારણની દૃષ્ટિએ તેનું કોઇ મહત્વ હોતું નથી. પરંતુ જગતસાક્ષી છે કે અતિ સાધારણ ઘટનાઓએ જગતમાં મોટી ક્રાંતિ કરી દીધી છે. અહીંયા હું મહર્ષિ દયાનંદની વાત કરું છું, જેમણે શિવરાત્રિની ઘનઘોર રાત્રિએ શિવલિંગ ઉપર ઉંદરડાને ઉત્પાત્ત મચાવતા જોઇને શંકા થઇ કે આ શીવલિંગ ભગવાન છે કે નથી ? તે સાચા શિવ છે કે પથ્થર મૂર્તિ માત્ર છે ? ત્યારે તેઓએ મનોમન સંકલ્પ લીધો કે હું સાચા શિવનો સાક્ષાત્કાર કર્યા વિના તેનું પૂજન કદાપિ નહીં કરું. ઉંદરડાની આ ક્ષુદ્ર ઘટનાએ જ નાનકડા મૂળશંકરને મહર્ષિ દયાનંદ બનાવ્યા. બોધરાત્રિનું વૃતાંત મહર્ષિ દયાનંદજીના વ્રતની દ્રઢતાનું સૂચક છે.

નિબંધ સ્પર્ધાનો વિષય પ્રદૂષણ - એક સાર્વત્રિક સમસ્યા ઉપર મંતવ્ય રજૂ કરતાં બ્રહ્મચારીજીએ જણાવ્યું કે, પર્યાવરણ પ્રદૂષણની સમસ્યાના કારણો વિશે શું તમે જાણો છો ? હું આપને બતાવું છું,

➤ સામાન્ય રીતે હવામાં ૨૧% ઓક્સિજન, ૭૮% નાઇટ્રોજન, ૦.૦૩% કાર્બન ડાયોક્સાઇડ તથા શેષ અન્ય





વાયુઓ હોય છે. હવામાં અન્ય ઝેરીલા વાયુઓ ભળવાને કારણે તેની સંરચનામાં પરિવર્તન થવાથી વાયુ પ્રદૂષણ થાય છે.

➤ ૬૦% વાયુ પ્રદૂષણ મોટર વાહનોથી, ૩૫% મોટા અને મધ્યમ ઉદ્યોગોથી ફેલાય છે.

➤ એક મોટર વાહન ૯૭૦ કિલોમિટરની યાત્રામાં એટલો ઓક્સિજન ફૂંકી મારે છે કે જેટલો એક વ્યક્તિને એક વર્ષ આવશ્યક હોય છે.

➤ એક ગેલન પેટ્રોલ / ડીઝલ બાળવાથી ૩ પાઉન્ડ નાઇટ્રોજન - ઓકસાઇડ વાયુ નીકળે છે. જે ૫ થી ૨૦ લાખ ઘનફૂટ હવાને પ્રદૂષિત કરે છે.

➤ કેટલીક રાસાયણિક ક્રિયાઓથી પર્યાવરણમાં ફેલાતા પ્રદૂષણોને કારણે પૃથ્વીની સપાટીથી ઉપર આકાશમાં વિદ્યમાન ઓઝોન નામના વાયુના પડમાં એક મોટું છિદ્ર થઇ ગયું છે. જો આ ગતિથી ઓઝોનના પડમાં છિદ્રો થતાં રહેશે તો પારજાંબલી કિરણોને રોકવા સંભવ નહીં રહે અને તેનું પરિણામ એ આવશે કે લોકો કેન્સર, આંખોમાં ટયુમર (ગાંઠ) વગેરે ભયંકર રોગોથી ગ્રસ્થ થશે. વૃક્ષ, વનસ્પતિ પણ પ્રભાવિત થશે.

સાંપ્રતકાળમાં પર્યાવરણ પ્રદૂષણરૂપી મહાભયંકર ભસ્માસુરે ફક્ત હવા જ નહીં, પૃથ્વી, ધ્વનિ, પ્રકાશ, આકાશ વગેરે તમામ મહત્વપૂર્ણ સાધનોને પોતાની ચુંગાલમાં ફસાવી દીધાં છે. દૂષિત ભૌતિક પદાર્થોમાંથી ઉત્પન્ન થયેલ અન્ન, વનસ્પતિ, શાક, કંદ, મૂળ, ફૂલ, ઔષધ વગેરે ખાદ્ય પદાર્થો દૂષિત થઇ ગયેલ છે. આ દૂષિત ખાદ્યન્નોના ઉપયોગથી મનુષ્યના શરીરમાં બનતી રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, વીર્ય-રજ વગેરે ધાતુઓ પણ અશુદ્ધ, નિકૃષ્ટ તથા નિર્બળ બની ગયેલ છે. આ તમામ ધાતુઓ, રસોના આધારે કામ કરનાર મન, બુદ્ધિ, આત્મા પણ દોષયુક્ત વિકૃત બની ગયાં છે.

પરિણામે મનુષ્યોના વિચાર, વાણી તથા વ્યવહાર દોષયુક્ત બની ગયાં છે. આનો પ્રભાવ એ છે કે આજે વ્યક્તિ, પરિવાર, સમાજ, રાષ્ટ્ર, વિશ્વમાં પરસ્પર પ્રેમ, શ્રદ્ધા, વિશ્વાસ, નિષ્ઠા, સદ્‌ભાવ, સંગઠન, ત્યાગ, ધૈર્ય, ક્ષમા, સહનશક્તિ, સેવા, દયા, નિષ્કામતાની ભાવના લગભગ સમાપ્ત જેવી થઇ ગયેલ છે અને આનાથી ઉલટું પરસ્પર સ્વાર્થ, ઘૃણા, દ્વેષ, ઈર્ષ્યા, સંશય, ચિંતા, વિઘટન, અન્યાય, છળકપટ, ક્રુરતા, અસહિષ્ણુંતા, અભિમાન, ઉચ્છૃંખલતા વગેરે વગેરે વધી રહ્યાં છે.

આવો, આ સમસ્ત બુરાઇના મૂળ કારણ, પર્યાવરણ પ્રદૂષણરૂપી મહારાક્ષસને નષ્ટ કનાર અમોઘ શસ્ત્ર યજ્ઞ (હવન)નો પ્રયોગ કરીએ.

ચરોતરની વિવિધ ૩૮ હાઇસ્કૂલોમાં આ વર્ષે નિબંધ-સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં શાળાદીઠ પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમ મેળવનાર વિદ્યાર્થી ભાઇ-બહેનોને સંસ્થા તરફથી પ્રમાણપત્ર - એરીસ્ટોક્રેટ ફાઇલ તથા ૭ નંગ વૈદિક પુસ્તકો ભેટ આપવામાં આવ્યાં હતાં.

આભાર વિધિ સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહજી એમ. વાઘેલાએ કરી હતી. ત્યાર બાદ શાંતિપાઠ અને જયઘોષ કરવામાં આવ્યો હતો તથા પધારેલ સૌ માટે ફરાળી ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ સંસ્થાના માનદ્ મંત્રી આર્કિ. અશોકભાઇ ડી. પટેલના માર્ગદર્શન તથા દેખરેખ હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો.

અનુસંધાન પાના નં. ૩ નું ચાલુ

આ પેદલ સેનામાં મંગલ પાંડે નામનો સિપાહી હતો. તેનાથી આ સહન ન થયું અને ૨૯મી માર્ચ ૧૮૫૭ના રોજ હિંદી સૈનિકોને ધર્મયુદ્ધ માટે લલકાર્યા. મેજર જનરલ હ્યુન ત્યાં આવ્યો અને મંગલ પાંડેને ગિરફતાર કરવા હુકમ કર્યો. કોઇ આગળ ન આવ્યું. મંગલ પાંડેએ બંદૂક તાકીને હ્યુનને વીંધી નાંખ્યો. મંગલ પાંડેની ધરપકડ થઇ. કેસ ચાલ્યો અને તારીખ ૮ મી એપ્રિલ ૧૮૫૭ ના રોજ ફાંસીએ લટકાવી દેવામાં આવ્યો.

આ ઘટનાથી અંગ્રેજ સત્તા સતર્ક થઇ ગઇ. તાત્યાને આ સમાચાર મળ્યાં. ચિંતામાં પડી ગયા કે સામૂહિક બળવાની યોજના પાંગળી બની જશે. એની યોજના અંગ્રેજોને ઊંઘતા ઝડપવાની હતી. તાકાતથી નહીં પણ બુદ્ધિથી, વ્યૂહથી યુદ્ધ કરીને જીત મેળવવાની હતી. આ તરફ હિન્દી સૈનિકોએ મેરઠની છાવણીમાં ૧૦મી મે એ સામૂહિક શસ્ત્રો લઇ અંગ્રેજો પર આક્રમણ કર્યું, અને મેરઠમાંથી અંગ્રેજ સત્તાને હાંકી કાઢી.

દિલ્લીની ક્રાંતિસેનાએ પણ મેરઠના ક્રાન્તિકારીઓએ આ અંગ્રેજોનું નામો નિશાન મટાવી દેવા કમર કસી અને ઘણી સફળતા મળી. આ સમાચાર આખા દેશમાં ફેલાઇ ગયા.

તાત્યા ટોપેને ગુપ્તચરો મારફત દેશભરની સ્થિતિના ખબર મળતાં હતાં. ૧૬ મે થી ૩૦ મે સુધીમાં તો અલીગઢ, મેનપુરી, ઇટાવા, નસીરાબાદ વગેરે સ્થળોએ ક્રાન્તિ જાગી. નક્કી કરેલી તારીખે ૩૧ મે ના રોજ બરેલી, શાહજહાંપુર, મુરાદાબાદ અને લખનૌમાં ક્રાંતિના મંડાણ થયા. ૧ જૂન થી ૧૪ જૂન સુધીમાં બદાયું, આઝમગઢ, સીતાપુર, કાનપુર, પ્રયાગ, ઝાંસી, ફૈઝાબાદ, સુલતાનપુર, જલંધર, બસ્તી, ગ્વાલિયર વગેરે સ્થળોએ ક્રાન્તિનો આરંભ થયો.

તાત્યા ટોપેએ નાના સાહેબ સાથે રહીને અંગ્રેજ સલ્તનને હાંકી કાઢવા અલગ-અલગ વ્યૂહ અપનાવ્યાં. કાનપુરનો કબ્જો કરી, બિઠૂરમાં નાના સાહેબનો રાજ્યાભિષેક કર્યો પરંતુ અંગ્રેજોએ શરૂમાં રક્ષાત્મક સ્થિતિ અને બાદમાં આક્રમણની સ્થિતિ બનાવી. જલ્લાદો પણ કમકમી ઉઠે. એવાં અત્યાચારો આદર્યાં. તાત્યાએ સ્વયં હથિયાર હાથમાં લીધાં ક્રાંતિસેનાની આગેવાની લીધી અને વીરતાથી લડયા. ઝાંસીની રાણી લક્ષ્મીબાઇની સામે સર હ્યુરોઝે સેના લઇ ચડાઇ કરી ત્યારે તાત્યાએ પણ પોતાની સેના સાથે હ્યુરોઝને લલકાર્યો પરંતુ હાર મળી.

વીર તાત્યા અંગ્રેજોના હાથમાં પોતાના મિત્ર માનસિંહના દગાથી પકડાયો. કેસ ચાલતો અને તા. ૧૮ એપ્રિલ ૧૮૫૯ના રોજ ભારત માતા કી જય બોલીને ફાંસીએ લટકી ગયા. ફાંસી સ્થળ શિવપુરીમાં તાત્યાનો પળિયો આજે મોજુદ છે.

## આર્યસમાજ, ટંકારાનો
## ૯૧ મો સ્થાપના દિન તથા ઋષિ બોધોત્સવ ઉજવાયો.

આર્યસમાજ ટંકારાની [illegible] સન્ ૧૯૨૬ના મહાશિવરાત્રિના રોજ સ્વામી શ્રદ્ધાનંદજી દ્વારા અનેક આર્ય સંન્યાસીઓ અને તપસ્વીઓ, વિદ્વાનો આર્યનેતાઓ અને સેંકડો મહાનુભાવોની ઉપસ્થિતમાં કરવામા આવેલ હતી ત્યારથી દર વર્ષે મહાશિવરાત્રિ (બોધરાત્રિ) ના રોજ સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવે છે. તદનુસાર ૯૧ મો સ્થાપના દિવસ ગત મહાશિવરાત્રિ તા. ૭-૩-૨૦૧૬ ના રોજ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો.

સાયંકાલીન ૫ થી ૭.૩૦ દરમ્યાન યોજાયેલ કાર્યક્રમનો પ્રારંભ પં. સુવાસ શાસ્ત્રીના બ્રહ્માપદે યજ્ઞથી કરવામાં આવ્યો. આજના દિવસના યજ્ઞમા યજમાનપદે એ આર્યવીરને બેસાડવામં આવે છે કે જેના લગ્ન ચાલુ [illegible] હોય. એ મુજબ યજમાન [illegible] આર્યવીર [illegible] ટંકારાના આર્ય[illegible] કુમાર અરવિંદભાઇ રાઠોડ [illegible] હતા. તેમજ આર્યસ[illegible]ના સદસ્ય હસમુખરાય [illegible]ભાઇ દુબરિયા પણ સપત્નિક બેઠાં હતાં.

યજ્ઞ બાદ ઉપસ્થિત સંન્યાસીઓ અને વિશેષ મહાનુભાવોનું શાબ્દિક અને ઉપવસ્ત્ર વડે સ્વાગત કરવામાં આવેલ હતું. આર્યસમાજના મંત્રી હસમુખભાઇ પરમારે





આર્યસમાજ ટંકારાની સ્થાપનાની પૂર્વભૂમિકા અને પ્રારંભિક ઇતિહાસ વર્ણવ્યો હતો. આગળના કાર્યક્રમનું સંચાલન ઉપમંત્રી દેવકુમાર પડસુંબિયાએ કર્યુ હતું; અને આર્યસમાજ, ટંકારાની વર્તમાન પ્રવૃત્તિઓનું શાબ્દિક ચિત્ર રજુ કરી ઉપસ્થિત ઋષિ ભક્તોને ભાવવિભોર કરી દીધા હતાં. ટંકારા જેવા નાના ગામમાં આર્યસમાજ આટલો સક્રીય રહી ઋષિનાં બતાવેલા માર્ગે આગળ વધી રહ્યો છે. તે જાણી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે દૈનિક સત્સંગમાં આવતા નિયમિત ભાગ લેતા બાલ અને કિશોર વયના બાળકોએ આર્યસમાજના દસ નિયમો, પ્રાર્થના અને યજ્ઞનાં મંત્રો વગેરે કંઠસ્થ રજુ કરી શ્રોતાઓની પ્રશંસા અને આશીર્વાદ મેળવ્યા હતાં.

આર્યસમાજ ટંકારાએ સંકલ્પ લીધો છે કે જ્યારે આ આર્યસમાજ પોતાની શતાબ્દી ઉજવે ત્યાં સુધીમાં સમગ્ર ટંકારા ગામને 'આર્ય = શ્રેષ્ઠ બનાવવું.' જેના પ્રતિફલરૂપે આજે ટંકારાના આશરે ૩૫ પરિવારોમાં દૈનિક કે સાપ્તાહિક યજ્ઞ શરૂ થયાં છે. આ પરિવારોને આજના કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે યજ્ઞન પ્રતિકૃતિ - શિલ્ડ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું ત્યારે સૌએ તાળીઓથી વધાવી લઇ ખુશી વ્યક્ત કરી હતી; અને આશાવાદી બન્યા હતાં કે કૃણ્વન્તો વિશ્વમાર્યમ્‌નો પ્રારંભ ઋષિના જન્મગામથી થશે.

અનુસંધાન પાના નં. ૭ પર

## આર્યસમાજ પોરબંદર દ્વારા વેરાવળમાં સ્વામી વિવેકાનંદજીનું પ્રવચન યોજાયું.
## આર્યસમાજની શાખા શરૂ થશે.

ગત તા. ૧૩ માર્ચ ૨૦૧૬ના રોજ આર્યસમાજ પોરબંદર દ્વારા વેરાવળ (ગીર સોમનાથ) ખાતે કર્મફળ સિદ્ધાંત શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. જેના ઉદ્‌ઘાટક તરીકે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી આર્કનાથ ચૌધરી, મુખ્ય અતિથિ તરીકે નગરપતિ જગદીશભાઇ ફોફંડી, જિલ્લા ભાજપ પ્રમુખ ઝવેરભાઇ ઠકરાર, ચીમનભાઇ અઢિયા, ખારવા સમાજના પ્રભુદાસ કુહાડા, ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનાં સૌરાષ્ટ્ર ક્ષેત્રના ઉપપ્રમુખ રણજીતસિંહ પરમાર, સભામંત્રી હસમુખ પરમાર વગેરે હાજર રહ્યા હતાં

સ્વાગત પ્રવચન કિશોરભાઇ સામાણીએ કર્યુ હતું.

સ્વામી વિવેકાનંદ પરિવ્રાજકે કર્મફળના સિદ્ધાંતને સરળ ભાષામાં સમજાવી વેદ અને દર્શનશાસ્ત્રોનાં પ્રમાણો આપ્યાં હતાં અને કર્મના પ્રકાર, કર્મના સાધન, કર્મનો પ્રભાવ, કર્મનું ફળ વગેરેની વિશદ છણાવટ કરી હતી.

શિબિરના બીજા સત્રમાં પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી. જેમાં શ્રોતાઓનાં પ્રશ્નોનું સમાધાન સ્વામીજીએ કર્યુ હતું.

આશરે ૩૦૦ જેટલા શ્રોતાઓની ઉપસ્થિતિ હતી. જેમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત વર્ગની વિશેષ સંખ્યા હતી.

વેરાવળ શહેરનાં લોકોને માટે આ પ્રકારનો આર્યસમાજ દ્વારા પ્રથમ કાર્યક્રમ હતો જેનાથી પ્રેરાઇને સ્થાનિક લોકોએ વેરાવળમાં આર્યસમાજની સ્થાપના કરવા ઇચ્છા કરી હતી. જેને આર્યસમાજ પોરબંદરે સ્વીકારી હતી અને આર્યસમાજ પોરબંદરની એક શાખા વેરાવળમાં શરૂ કરવા તૈયારી બતાવી હતી.

સમગ્ર કાર્યક્રમ આર્યસમાજ પોરબંદરના પ્રમુખ શ્રી એચ. કે. મોતીવરસ, મંત્રીશ્રી ધનજીભાઇ આર્યએ અન્ય કાર્યકરોના પરિશ્રમથી સફળ રહ્યો હતો.

આભાર વિધિ શ્રી ગિરીશભાઇ ઠક્કરે કરી હતી.

## આર્યસમાજ, હાથીખાના - રાજકોટ દ્વારા
## નવસસ્યેષ્ટિ ૧૧ કુંડી યજ્ઞનું કરાયું.

આર્યસમાજ હાથીખાના તથા માયાણીનગરના ઉપક્રમે તા. ૨૩-૩-૧૬ બુધવારે બપોરે ૪ થી ૬ દરમ્યાન નહેરૂનગર, પ્રાઇવેટ, માલધારી ચોકમાં હોળી પર્વ નિમિત્તે વાસંતિ નવસસ્યેષ્ટિ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું.

આ વોર્ડના કોર્પોરેટર પારૂલબેન વાસુરભાઇ ડેરના આમંત્રણથી નહેરૂ નગર વિસ્તારના ધર્મપ્રેમી ભાઇઓ તથા બહેનોએ મળીને આ યજ્ઞ કાર્ય સુંદર રીતે સંપન્ન કર્યુ હતું.

હોળી પર્વ વિશે વૈદિક તથા પૈરાણિક વિચારો હાલમાં તેના વિકૃત થયેલ સ્વરૂપ અંગે મનનીય પ્રવચન ટંકારાથી પધારેલ વિદ્વાન, ગુજરાત પ્રાંતીય સભાના મંત્રી શ્રી હસમુખ પરમારે તેમની આગવી શૈલીમાં પ્રસ્તુત કરેલ હતું. જેને ઉપસ્થિત ભાવિક બહેનો તથા ભાઇઓએ ઉત્સાહપૂર્વક શ્રવણ કરેલ હતું. પંડિત શ્રી સતેન્દ્રજી તથા પં. દેવેન્દ્રજીએ યજ્ઞ સંપન્ન કરાવેલ હતો.

૧૧ કુંડીય યજ્ઞના આયોજન કાર્યમાં શ્રી ગોવિંદભાઇ સાવલીયાનો મુખ્ય ફાળો રહ્યો હતો. તે ઉપરાંત કાર્યક્રમમાં સેવા આપવા માટે શ્રી વિનયભાઇ બોરીચા, કોષાધ્યક્ષશ્રી મહેશભાઇ ચારોલીયા, શ્રી લીલાબેન ગોહિલ, પદ્યુમનસિંહ પરમાર, કુસુમબેન, માલતીબેન વગેરે તેમજ લતાના રાજુભાઇએ સેવા બજાવી હતી. શ્રી વાસૂરભાઇ ડેરે આર્યસમાજના કાર્યોની પ્રશંસા કરી આર્યસમાજનો લાભ લેવા વિનંતી કરેલ હતી.

સમગ્ર કાર્યનું સંચાલન મંત્રી શ્રી પ્રવીણભાઇ ઠાકરે સંભાળેલ હતું.

અનુસંધાન પાના નં. ૧ પરનું ચાલુ

આ પ્રસંગે વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધા રાખવામાં આવેલ હતી. જેમાં પ્રથમ ત્રણ સ્થાને ક્રમશઃ રવિયા ખુશી મનીષભાઇ, મહેશ્વરી છોટેલાલ મેઘજી અને ચારણિયા કૃતિ નરેશભાઇ આવેલ હતી. તેઓને પ્રાંતીય સભા તરફથી અનુક્રમે રૂા. ૩૫૦, ૨૫૦ અને ૧૫૦ અને બાકીનાને રૂા. ૧૦૦/-, ૧૦૦/- રોકડ પુરસ્કાર તમામને પ્રમાણપત્ર અને પુસ્તકોં ભેંટ આપવામાં આવેલ હતાં. તેમજ શ્રી ઇશ્વરભાઇ પટેલ, (નખત્રાણા) તરફથી દરેકને ક્રમશઃ રૂા. ૫૦-૫૦ પં. દિનેશચંદ્ર (નડિઆદ) તરફથી દરેકને ક્રમશઃ ૧૫૦, ૧૦૦, ૫૦ પુરસ્કાર આપવામાં આવેલ હતો. આર્યસમાજ માંડવી તરફથી સ્પર્ધકો તેમજ દુર્ગાપુર પ્રા. શાળના શિક્ષકોને પુસ્તકો ભેંટ આપવમાં આવેલ હતાં.

કાર્યક્રમમાં શ્રી સ્વામી શાંતાનંદજી, શ્રી વાચોનિધિજી, શ્રી હસમુખ પરમાર અને શ્રી દિવાકર શાસ્ત્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું અને ઇતિહાસ રજુ કર્યો હતો. અધ્યક્ષ પ્રવચન શ્રી સુરેશચંદ્રજીએ કરતા વકતૃત્વ સ્પર્ધાના તમામ સ્પર્ધકો અને ગુરુકુલ ભવાનીપુરના હાજર તમામ બ્રહ્મચારીઓને રૂા. ૨૦૦-૨૦૦ પ્રોત્સાહન રૂપે આપ્યાં હતાં.

આભાર દર્શન શ્રી નવીનભાઇ વેલાણી અને શ્રી બંકીમભાઇ પટ્ટણીએ કરી હતી.

અંતમાં સૌ માટે સભા તરફથી ભોજનપ્રસાદની વ્યવસ્થા કરાયેલ હતી.

## શહીદ દિવસે આર્યવીર ટંકારા દ્વારા મશાલ રેલી યોજાઇ.

આર્યસમાજ ટંકારા સંચાલિત આર્યવીર દળ ટંકારા દ્વારા દર વર્ષે શહીદ દિવસ ૨૩ માર્ચના રોજ મશાલ રેલીનું આયોજન કરવામાં આવે છે. તદ્નુસાર આ વર્ષે પણ ધર્મભક્તિ સોસાયટી (નવું ટંકારા) થી ટંકારા ગામના સરપંચ શ્રી ધર્મેન્દ્રભાઇના ત્રિવેદીના હસ્તે મશાલ પ્રગટાવી રેલી શરૂ કરવામાં આવી. આ રેલીમાં ટંકારાના યુવકો, ઉપદેશક વિદ્યાલયના વિદ્યાર્થીઓ, વિવિધ સંગઠનો તથા મહિલાઓ પણ જોડાઇ. ટંકારાની શેરીઓ અને બજારોમાં રાષ્ટ્રભક્તિના ગીતો નારાઓ સાથે રાષ્ટ્રભાવના ભરી દેવામાં આવી. આજના રોજ હોલી ઉત્સવ હોય વિવિધ વિસ્તારોમાં લોકો દ્વારા પ્રગટાવવામાં આવેલ હોલીકા દહનમાં વેદ મંત્રોચ્ચાર સાથે હવન સામગ્રીની આહૂતિ આર્યવીરો અને આર્ય સદસ્યો દ્વારા આપવમાં આવી છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 લો | | | ણા | | 2 | ત્ય | | | |
| | | | | | | | | ન | |
| | | | | | ઉ | | | | |
| | | | | | શ્ર | | ઐ | | |
| 3 | યં | | ર | | | ર્થા | | | |
| 4 | | ત્મિ | | | સં | | | | |
| 5 | | | | | | ભા | | | |
| | ર્મા | | | ણ | | | | | |

**આ માસના શબ્દકોઠાનો ઉકેલ આવતા અંકે આપવામાં આવશે, તારીખ ૨૫ સુધીમાં સાચો જવાબ મોકલનારનાં નામ પ્રસિદ્ધ કરવામાં આવશે.**

**દરેક આડી લાઇન :**

(૧) કઇ ત્રણ ઇચ્છાપૂર્તિ ગ્રહસ્થમાં સંભવ છે.
૪ - ૪ - ૪

(૨) આઠ પ્રકારના પ્રમાણ ક્યા - ક્યા છે - ૨૭
સ - પ્ર - સ - ૩

(૩) આર્યાવર્તમાં પરંપરાથી કઇ વિવાહ રીતિ ચાલી આવે છે.
- ૪ સ - પ્ર - સ - ૪

(૪) મનુષ્ય અર્થ અને કામથી ભૌતિક વિકાસ કરે છે. તો ધર્મ થી કયો વિકાસ કરે છે. - ૪

(૫) ભારતીય સંસ્કૃતિનો ઉપદેશ - ભોગથી યોગ, પ્રવૃત્તિથી નિવૃત્તિ, ને આત્માથી ....... - ૪

(૬) ક્યા આચરણથી શુદ્ર ઉત્તમ વર્ણ પ્રાપ્ત કરે છે. - ૫
સ - પ્ર - સ - ૪

અનુસંધાન પાના નં. ૫ નું ચાલુ

કાર્યક્રમમાં પં. સતપાલ પથિક અને તેમના સુપુત્ર દિનેશ પથિકજી પણ ઉપસ્થિત રહ્યાં હતાં. દિનેશ પથિકજીએ પ્રભુભક્તિ અને ઋષિ મહિમાનાં ગીતો રજુ કર્યા હતાં.

કાર્યક્રમને શોભાવવા સાર્વદેશિક આર્ય પ્રતિનિધિના પ્રમુખ શ્રી સુરેશચંદ્ર અગ્રવાલ, મહર્ષિ દયાનંદ સ્મારક ટ્રસ્ટના ઉપમંત્રી શ્રી અજય સહગલ, વરિષ્ઠ ટ્રસ્ટીશ્રી લઘાભાઇ પટેલ, શ્રી યોગેશ મુંજાલ, શ્રી સુધીર મુંજાલ તથા શ્રીમતી અંજુ મુંજાલ, શ્રી સુનિલ માનકટાલા, શ્રી ડૉ. વિ. એચ. પટેલ, શ્રી અરૂણ અબરોલ તથા સ્વામી શાંતાનંદ સરસ્વતી તથા અન્ય સન્યાસીઓ, ડૉ. મહેશ વેદાલંકાર, ડૉ. હરિઓમ્ શાસ્ત્રી, શ્રી વાચોનિધિ આર્ય, શ્રી રાજીવ ચૌધરી તથા શ્રીમતી રેણુ ચૌધરી, શ્રી વિદ્યાસાગર વર્મા (ભૂતપૂર્વ રાજદૂત), શ્રી રણજીતસિંહ પરમાર વગેરે અનેક ગણમાન્ય મહાનુભાવો તથા બહોળી સંખ્યામાં દેશ-વિદેશથી પધારેલા ઋષિ ભક્તો અને ટંકારાનાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે શ્રી સુરેશચંદ્ર અગ્રવાલ સાર્વદશિક સભાના પ્રધાન પદે સર્વાનુમતે નિયૂક્ત થતા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું. ડૉ. હરિઓમ્ શાસ્ત્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધન અને સ્વામી શાંતાનંદજીએ સામૂહિક સંધ્યા કરાવી હતી.

શાંતિપાઠ સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ હતો.

## આર્યસમાજ આણંદ ખાતે હોળી પર્વની ઉજવણી.

ચરોતર પ્રદે આર્યસમાજ આણંદની પવિત્ર યજ્ઞશાળામાં તા. ૨૩-૩-૧૬ બુધવારના રોજ ફાગણી પૂનમના દિવસે આર્યોના પ્રાચીનતમ તહેવાર હોળી પર્વની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી. નવસસ્ય (નવા ધાન્ય) થી વિશિષ્ટ આહુતિ આપીને હોલકોત્સવ પર્વ યજ્ઞ પં. વિજયકુમાર આર્ય (સિદ્ધાન્તાચાર્ય) તથા પં. કનુપ્રસાદ શાસ્ત્રીથી સંયુક્ત બ્રહ્મત્વમાં યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહજી વાઘેલા, ઉપપ્રમુખશ્રી કમલેશભાઇ પટેલ, મંત્રીશ્રી આર્કિ. અશોકભાઇ પટેલ, સહમંત્રીશ્રી ચંદુભાઇ પરમાર, કોષાધ્યક્ષશ્રી નટવરસિંહ રાજ, પુસ્તકાલયાધ્યક્ષશ્રી રાજેન્દ્રસિંહ રાજ અને અંતરંગ સભ્યો - શ્રી વિઠ્ઠલભાઇ પરમાર, શ્રી હિતેષભાઇ પટેલ, શ્રી દિપસિંહ રાઠોડ, શ્રી ગોરધનભાઇ આર્ય સહિત મોટી સંખ્યામાં શાખા આર્યસમાજના સભ્યો, આમંત્રિતો, માતાઓ, બહેનો, બાળકાએ ઉલ્લાસભેર ભાગ લીધો હતો.

## આગામી આર્યવીરદળ અને વીરાંગનાદળ શિબિરો.

(૧) પ્રાંતીય કક્ષાનો આર્યવીર દળ શિબિર તા. ૧ મે થી ૮ મે ૨૦૧૬ ગુરુકુલ સૂપા (જિ. નવસારી) ખાતે યોજાશે. શિબિરાર્થીએ તા. ૧ ના સાંજે ૫-૦૦ કલાકે પહોંચવું.

(૨) પ્રાંતીય કક્ષાનો આર્યવીરાંગના દળ શિબિર તા. ૨૩ મે થી ૨૯ મે ૨૦૧૬ વૈદિક સંસ્કાર કેન્દ્ર, ઇફકો સામે, આદિપુર રોડ, ગાંધીધામ ખાતે યોજાશે. શિબિરાર્થીએ તા. ૨૩ના સવારે ૧૧-૦૦

**આપના સમાચાર અને ફોટોગ્રાફ નીચેના ઇ-મેઇલ આઇડી પર મોકલવા નમ્ર વિનંતી.**

alpaprinters@yahoo.com
geniuscomputertankara@gmail.com
aryasamaj.tnk@gmail.com

**ગુજરાત પ્રાન્તીય આર્ય પ્રતિનિધિ સભાનું ઈ-મેઈલ એડ્રસ**

gujaratsabha@gmail.com

## શબ્દકોઠાનો માર્ચ - ૧૬ નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વિ | રા | ટ | | અ | ગ્નિ | | તે | જ | સ |
| મિ | ત્ર | | અ | ર્ય | મા | | ઇ | ન્દ્ર | |
| વિ | ષ્ણું | | ઉ | રુ | ક | મ | | હો | તા |
| સ | વિ | તા | | કુ | બે | ર | | અ | જ |
| મ | હા | દે | વ | | ના | રા | ય | ણ | |
| નિ | રં | જ | ન | | ગ | ણ | પ | તિ | |
| વિ | શ્વં | ભ | ર | | શિ | વ | | આ | પ્ત |
| ય | મ | | બૃ | હ | સ્પ | તિ | | | |

# આર્યાભિવિનય

મહર્ષિ દયાનંદ સરસ્વતી

तदेजति तन्नैजति तद् दूरे तद्वन्तिके।
तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः ॥

यजुर्वेद० ४०.५ ॥ १२॥

**વ્યાખ્યા :** तद् एजति તે પરમાત્મા સમસ્ત જગતને યથાયોગ્ય રીતે પોતપોતાની ચાલ-ગતિ પ્રમાણે ચલાવી રહેલ છે. કેટલાંક અવિદ્વાન (મૂર્ખ) લોકો તે (પરમાત્મા) પર ગતિ - હલનચલનનો આરોપ મૂકે છે. પરંતુ તે સર્વ સ્થળે પરિપૂર્ણ છે. તેથી (તે) કદી પણ ચલાયમાન થતો જ નથી. આટલા માટે तन्नैजति (આ પ્રમાણ છે કે) સ્વતઃ તે પરમાત્મા કદી પણ ચાલતો નથી. એકરસ, નિશ્ચલ અને પરિપૂર્ણ છે. વિદ્વાનો બ્રહ્મને એ પ્રમાણે જાણે છે. तद् दूरे અધર્માત્મા (પાપી), અવિદ્વાન (મૂર્ખ), વિચારશૂન્ય, અજિતેન્દ્રિય અને ઇશ્વર ભક્તિ રહિત વગેરે દોષોથી યુક્ત મનુષ્યોથી તે ઇશ્વર ઘણો દૂર છે, અર્થાત્ તેઓ કરોડો વર્ષ પર્યંત ઇશ્વરને પ્રાપ્ત કરી શકતાં નથી. જ્યાં સુધી તેને જાણતાં નથી, ત્યાં સુધી તેઓ જન્મ મરણાદિ દુઃખસાગરમાં ગોથાં ખાય છે (જન્મમરણના ચક્કરમાં ફર્યા કરે છે). तद्वन्तिके (તે પરમાત્મા) સત્યવાદી, સત્યકારી, સત્યમાની, જિતેન્દ્રીય, સર્વજન ઉપકારક, વિદ્વાન અને વિચારશીલ પુરુષોની અન્તિકે અત્યંત નિકટ છે. એટલું જ નહિ, પરંતુ તે સર્વ આત્માઓમાં અંતર્યામીરૂપે વ્યાપક બનીને સર્વત્ર પૂર્ણ થઇ રહેલ છે. (એટલા માટે જ) તે આત્માઓનો પણ આત્મા છે; કારણ કે પરમાત્મા સંપૂર્ણ જગતમાં અંદર, બહાર અને મધ્ય (સર્વત્ર વિદ્યમાન - વ્યાપક છે) અર્થાત્ એક તલ જેટલી જગ્યા પણ તેના વિના ખાલી નથી. તે અખંડ, એકરસ સર્વમાં વ્યાપી રહ્યો છે. તેને જાણવાથી જ સુખ અને મુક્તિ મળે છે, અન્યથા મળતી નથી.



## અંધવિશ્વાસ અને તેનું નિવારણ



- મદન રહેજા

અંધવિશ્વાસ - **બ્રાહ્મણો દ્વારા પૂજા - પાઠ કરાવવાથી ભટકતા આત્માઓને શાંતિ મળે છે.**

નિવારણ - કેટલાંક લોકોનું એવું માનવું છે કે અકસ્માત થવાથી જે મનુષ્યોનું મૃત્યુ થઇ જાય છે તેમનો આત્મા ભટકે છે. એટલે કે તે દિવંગત આત્માઓને શરીર મળતું નથી. આથી અહીં - તહીં ગમે ત્યાં ભટકતો રહે છે. તેવાં આત્માઓના માટે જો પૂજા-પાઠ કે વિશેષ વિધિ ન કરાવવામાં આવે તો તે આત્મા ભટકતા રહેશે અને તેમને શાંતિ નહીં મળે.

મૃત્યુ થવાથી શરીર અહીં જ રહી જાય છે જેને શબ અથવા પ્રેત કહે છે. જ્યારે શબને અગ્નિદાહ અપાઇ જાય છે. ત્યારે તેને ભૂત કહેવામાં આવે છે. ભૂત શબ્દ કાળ- સમયનો બોધ કરાવે છે. જેનો હેતુ એ છે કે તે હવે વીતેલા સમયમાં જતો રહ્યો. તેનું ભૌતિક શરીર હવે રહ્યું નહીં. શરીરમાંથી નીકળતા જ આત્મા ઇશ્વરની વ્યવસ્થાને આધીન થઇ જાય છે. ઇશ્વર તેઓએ કરેલા કર્મો પ્રમાણે નવું શરીર આપે છે. તેને કઇ યોનિ મળશે તે માત્ર ઇશ્વર જ જાણે છે. જેવાં કર્મો હોય છે તે પ્રમાણ જ જન્મ મળે છે.

આત્માનું ભટકવું શક્ય નથી. કારણ કે મૃત્યુ પછી જ્યાં સુધી આત્માને નવું શરીર ન મળે ત્યાં સુધી તે મૂર્છિત અવસ્થામાં ઇશ્વરાધીન રહે છે. શરીર વિનાનો આત્મા કંઇ જ કરી શકતો નથી. કારણ કે શરીર આત્માનું સાધન છે. સાધન જ ન રહ્યું તો આત્મા કંઇ જ ન કરી શક.

સ્વાર્થી લોકો - બ્રાહ્મણો - પોતાના ભલા - ભોળા યજમાનોની ભાવનાઓ સાથે ખિલવાડ કરે છે અને પૂજા - પાઠના બહાને પોતાનો સ્વાર્થ સાધે છે. પૂજા-પાઠથી કંઇ જ થતું નથી. ગુણ - કર્મ - સ્વભાવથી સાચો બ્રાહ્મણ જ્ઞાની હોય છે. એ ક્યારેય ધન પ્રાપ્તિ માટે ધર્મના આડમાં કોઇને છેતરતો નથી.

કર્મ ફળનો સિદ્ધાંત સ્પષ્ટ છે કે જે કર્મ કરે તે જ ભોગવે. તેમજ કરેલા કર્મને કોઇ બદલી પણ ન શકે. ઇશ્વરના દરબારમાં કોઇની ભલામણ પણ ચાલતી નથી. ઇશ્વર ન્યાયકારી છે એ પક્ષપાત ન કરે. પૂજા - પાઠ - યજ્ઞ વગેરે પોતાના માટે તો બરાબર છે, પરંતુ કોઇના વતી કરવામાં આવે અને તેનું ફળ અન્યને મળે તે અશક્ય છે.

ક્રમશઃ .....

RNI Registration No. GujGuj/2015/63289 RNP No. Rajkot / 672 / 2015 - 17 BOOK-POST

પ્રેષક :
આર્ય વૈદિક દર્શન
આર્યસમાજ,
મહર્ષિ દયાનંદ માર્ગ,
હાથીખાના, રાજકોટ.
પિન : ૩૬ ૩૬ ૦૧

दिल्ली

प्रति, श्री धर्मपाल आर्य, (प्रधान)
दिल्ली आर्य प्रतिनिधि सभा
15 - हनुमान रोड
नई दिल्ली - 110001

Publisher & Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj , Nr. Raipur Darvaja Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11, Galaxy Commercial Center, Jawahar Road, Rajkot.